અપીલ અરજી નં.૭૦ તા.૧૨–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નવનીતલાલ મગનલાલ દેસાઈ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નવનીતલાલ મગનલાલ દેસાઈની આઈ ડી નં.૫૨ તા.૫–૫–૦૯ ની અરજીથી બં.નં.૪૧ થી ૪૪ મૈત્રી રો હાઉસ સર્જન સોસાયટીની પાછળ, પાર્લે પોઈન્ટના માર્જીનમાં કરાયેલ ગેરકાયદેસર બાંધકામને ગેરકાયદેસર ઠેરવી તેને સંપૂર્ણપણે દુર કરવા માટેની ગુજરાત હાઈ કોર્ટની સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૫૯૮૧/૦૮ માં રીસ્પોડન્ટ તરીકે મ્યુ. કોર્પોરેશન છે અને તેમને નામદાર હાઈકોર્ટમાં એવું કબુલ્યું છે કે સદરહુ ગેરકાયદેસર બાંધકામ બાબતમાં કયારનો નિર્ણય લેવાય ગયો છે તે નિર્ણય શું છે તેની વિગતોની નકલ તથા પીટીશનર શ્રી વિજયભાઈ રમેશચંદ્ર ગાંધી ધ્વારા શું રજૂઆત કરવામાં આવી તે પીટીશનની કોપી અને સદરહુ લીધેલા નિર્ણય બાબતમાં બાંધકામ ગેરકાયદેસર હોય તો તે કયાર સુધીમાં સંપૂર્ણ પણે દુર કરાશે અને જો કાયદેસર ગણયું હોય તો તેના નિર્ણયની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની તા.૧૨–૬–'૦૯ ની અપીલ અરજી નં.૭૦/૨૦૦૯–૧૦

શ્રી નવનીતલાલ મગનલાલ દેસાઈની આઈ ડી નં.૫૨ તા.૫–૫–૦૯ની અરજીથી બં.નં.૪૧ થી ૪૪ મૈત્રી રો હાઉસ સર્જન સોસાયટીની પાછળ, પાર્લે પોઈન્ટના માર્જીનમાં કરાયેલ ગેરકાયદેસર બાંધકામને ગેરકાયદેસર ઠેરવી તેને સંપૂર્ણપણે દુર કરવા માટેની ગુજરાત હાઈ કોર્ટની સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૫૯૮૧/૦૮ માં રીસ્પોડન્ટ તરીકે મ્યુ. કોર્પોરેશન છે અને તેમને નામદાર હાઈકોર્ટમાં એવું કબુલ્યું છે કે સદરહુ ગેરકાયદેસર બાંધકામ બાબતમાં કયારનો નિર્ણય લેવાય ગયો છે તે નિર્ણય શું છે તેની વિગતોની નકલ તથા પીટીશનર શ્રી વિજયભાઈ રમેશચંદ્ર ગાંધી ધ્વારા શું રજૂઆત કરવામાં આવી તે પીટીશનની કોપી અને સદરહુ લીધેલા નિર્ણય બાબતમાં બાંધકામ ગેરકાયદેસર હોય તો તે કયાર સુધીમાં સંપૂર્ણ પણે દુર કરાશે અને જો કાયદેસર ગણયું હોય તો તેના નિર્ણયની માહિતી આપવા બાબતે અધૂરી માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯૫ તા.૨૫–૬–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૨૩૦ તા.૨–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજી અરજદારને માહિતી અંગે નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૫૦ તા.૨૫–૫–૦૯થી ૪૨ નકલ મેળવવા દસ્તાવેજ ફી ભરવા પાઠવેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૭૫ તા.૩–૬–૦૯ ની પત્રની નકલ, ડીસ્પેચની બંને પત્રોની એકટનોલેજમેન્ટની સ્લીપ,તા.૧૫–૪–૦૮ની સુનાવણીની નોટીસ, સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૫૯૬૧/૦૮ની નકલ,પીટીશનરને બાંધકામ દુર કરવા અંગે પાઠવેલ પત્રની નકલ, પાઠવેલ તા.૪–૬–૦૭ નો પત્ર, કાર્યપાલક ઈજનેરે સ્પે. સીવીલ એપ્લીકેશન ૫૯૬૧/૦૮ હાઈકોર્ટમાં કરેલ એફીડેવીટની તા.૧૫–૯–૦૮ ની નકલ, પીટીશનર તા.૧૨–૨–૦૯ ના રોજ મ્યુ. કમિશ્નરને કરેલ અરજીની નકલ તથા કાર્યપાલક ઈજનેરે પીટીશનરને પાઠવેલ પ્રત્યુત્તર નં. સા.વે.ઝોન/અઠવા/આ.નં.૮૬૮૭ તા. ૧૨–૩–૦૯ ની નકલ તથા તેની જાણ હાઈકોર્ટમાં કરવા અંગે પાઠવેલ નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૮૭૦૫ તા.૧૩–૩–૦૯ ના પત્રની નકલ, તા.૧૬–૩–૦૯ ના હાઈકોર્ટનાચુકાદાની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૫–૫–૦૯ ની અરજીથી બં.નં.૪૧ થી ૪૪ મૈત્રી રો હાઉસ સર્જન સોસાયટીની પાછળ, પાર્લે પોઈન્ટના માર્જીનમાં કરાયેલ ગેરકાયદેસર બાંધકામને ગેરકાયદેસર ઠેરવી તેને સંપૂર્ણપણે દુર કરવા માટેની ગુજરાત હાઈ કોર્ટની સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૫૯૮૧/૦૮ માં રીસ્પોડન્ટ તરીકે મ્યુ. કોર્પોરેશન છે અને તેમને નામદાર હાઈકોર્ટમાં એવું કબુલ્યું છે કે સદરહુ ગેરકાયદેસર બાંધકામ બાબતમાં કયારનો નિર્ણય લેવાય ગયો છે તે નિર્ણય શું છે તેની વિગતોની નકલ તથા પીટીશનર શ્રી વિજયભાઈ રમેશચંદ્ર ગાંધી ધ્વારા શું રજૂઆત કરવામાં આવી તે પીટીશનની કોપી અને સદરહુ લીધેલા નિર્ણય બાબતમાં બાંધકામ ગેરકાયદેસર હોય તો તે કયાર સુધીમાં સંપૂર્ણ પણે દુર કરાશે અને જો કાયદેસર ગણયું હોય તો તેના નિર્ણયની માહિતી અરજદાર તરફથી માંગવામાં આવેલ છે. જેમાં કોર્પોરેશને હાઈકોર્ટમાં કબુલ કરેલ નિર્ણય શું છે તેની વિગતની નકલ, જે જાહેર માહિતી અધિકારીએ સુરત મહાનગરપાલિકાએ કરેલ એફીડેવીટની નકલ અરજદારને પૂરી પાડેલ છે તેવું જણાવેલ છે. પીટીશનર શ્રી વિજયભાઈ રમેશચંદ્ર ગાંધીની રજૂઆતની નકલ તેમજ જાહેર માહિતી અધિકારીએ પીટીશનરની અપીલ તેમજ તેમણે રજૂ કરેલ રજૂઆતના પત્રની નકલ જે પૂરી પાડયા અંગે પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૫ તા.૩–૬–૦૯ ની પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપ રજૂ કરેલ છે. તેમજ સદર પત્રમાં અરજદારે રસીદ નં.૪૬૧૫૮૦ તા.૨૫–૫–૦૯ ના રોજ દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવ્યાની વિગતો પૂરી પાડેલ છે. સદરહુ નિર્ણય બાબતમાં બાંધકામ ગેરકાયદેસર હોય તો સંપૂર્ણપણે કયારે દુર કરાશે અને જો કોર્પોરેશન ધ્વારા બાંધકામ કાયદેસર ગણયું હોય તો તેનો નિર્ણય બાબતે જાહેર માહિતી અધિકારીએ સદર

પત્રમાં મિલ્કતદારે મંજુર પ્લાન વિરુધ્ધ કરવામાં માર્જીનના બાંધકામ અંગે કાયદેસરની નોટીસ આપવામાં આવી છે. જે અંગે ગેરકાયદેસર બાબતે જવાબ પાઠવેલ છે તેમજ વધુમાં સદરહુ મિલ્કતદાર તરફથી મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામ અંગે સુધારા વધારા નિયમબધ્ધ કરાવેલ નથી તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે માંગેલ માહિતી પૈકી ગેરકાયદેસર બાંધકામ કયારે દુર કરવામાં આવશે તેવો આગ્રહ રાખેલ છે. જે કાર્યવાહીને લગતી છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે માંગેલ હાઈકોર્ટ પીટીશન તથા મનપા તરફે કરેલ એફીડેવીટની નકલોની વિગતો અરજદાર સ્વયં પાસે પણ હોવાનું અનુમાનિત છે. કારણકે પીટીશનમાં અરજદાર પણ એક પ્રતિવાદી છે. જેમના વકીલ પાસે આ વિગત હોય જ અને તે સંજોગોમાં આ દસ્તાવેજી માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઈ) વિશ્વસનીયતા સબંધ હેઠળ ઉપલબ્ધ માહિતીના અપવાદની કક્ષા હેઠળ આવી શકે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા પારદર્શિતાના હેતુથી અરજદારને સદર વિગતો પણ આપેલ જણાય છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૫–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી આરટીઆઈ એકટની કલમ–૨(જે) સાથે આરટીઆઈ નિયમ–૫ હેઠળ ઠરાવેલ તપાસની ફી ભરપાઈ કરી લાગત દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા અને તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને જણાવવામાં આવે છે.

અરજદાર કાર્યવાહીને લગતી બાબત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી,(અઠવાઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નવનીતલાલ મગનલાલ દેસાઈ,